# પરિશ્રમ થી પ્રગતિ

## પશુપાલકોના હાથે ઉગ્યો સમૃદ્ધિનો નવો સુરજ



Design By : Banas Dairy Media



Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૩૧ | ઓગસ્ટ - ૨૦૨૫

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**બનાસ ડેરીએ ૫૭મી વાર્ષિક સાધારણ સભામાં જાહેર કર્યો રૂ. ૨૯૦૯.૦૮ કરોડનો ઐતિહાસિક ભાવફેર**

**સિદ્ધિ, સમૃદ્ધિ અને સફળતાભર્યા ૨૦૨૪-૨૫ વર્ષ માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસવાસીઓનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો**

**બનાસડેરી : નારીશક્તિ અને શ્વેતક્રાંતિનું ગૌરવ**









# બનાસ ડેરીએ ૫૭મી વાર્ષિક સાધારણ સભામાં જાહેર કર્યો રૂ. ૨૯૦૯.૦૮ કરોડનો ઐતિહાસિક ભાવફેર

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની ૫૭મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન બાદરપુરા ફૂડ કોમ્પ્લેક્સ ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. આ અવસર પર બનાસકાંઠા જિલ્લાના ખૂણેખૂણેથી હજારોની સંખ્યામાં પશુપાલક ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. સભામાં ઉત્સાહ, ગૌરવ અને વિશ્વાસની અનોખી લાગણી છવાઈ ગઈ હતી.

આ સભામાં બનાસ ડેરી દ્વારા કુલ રૂ. ૨૯૦૯.૮ કરોડનો રેકોર્ડબ્રેક ભાવફેર પશુપાલકોને સમર્પિત કરવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી હતી. તેમાં દૂધ સંઘ તરફથી રૂ. ૨૧૩૧.૬૮ કરોડ તથા મંડળીઓનો રૂ. ૭૭૮.૧૨ કરોડનો સમાવેશ થાય છે. આ વિશાળ ભાવફેર જાહેર થતા જ બનાસકાંઠાના ખૂણે ખૂણે આનંદની લહેર પ્રસરી ગઈ હતી અને ગામડાંઓમાં દિવાળીની માફક વાતાવરણ સર્જાયું હતું. આ જાહેરાત પશુપાલકોના શ્રમ અને સમર્પણને સાચું મૂલ્ય આપે એવી હતી, જેનાથી તેઓના જીવનમાં સમૃદ્ધિનો વધારો થશે અને નવી આશાઓ જાગશે.

આ વાર્ષિક સાધારણ સભામાં બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે ડેરીની મુખ્ય પ્રવૃત્તિઓ, દૂધ સિવાયના અન્ય વ્યવસાયોના ફાયદા તથા આગામી પ્રોજેક્ટોની સમીક્ષા સભા સમક્ષ મૂકી. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક નવીન પ્રવૃત્તિઓ શરૂ કરી છે, જેના પરિણામે પશુપાલકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

બનાસ ડેરી ન માત્ર દૂધ વ્યવસાયમાં આગળ વધી છે, પરંતુ ફૂડ પ્રોસેસિંગ, બાયો-સીએનજી, પશુપાલન સંવર્ધન, પશુચિકિત્સા સેવા, જળ સંસાધન વ્યવસ્થા વગેરે અનેક ક્ષેત્રોમાં પણ સફળતા મેળવી છે. આથી બનાસ ડેરીનું મોડેલ માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશ અને વિશ્વ માટે પ્રેરણાદાયક બન્યું છે.



## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું પ્રેરણાદાયી સંબોધન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે બનાસ ડેરી એ માત્ર દૂધ ખરીદતી સંસ્થા જ નથી, પરંતુ પશુપાલકોના સુખ-દુખની સાચી ભાગીદાર છે. તેમણે કહ્યું કે "હું દર વર્ષે આપ સૌ સમક્ષ બનાસ ડેરીનો હિસાબ રજૂ કરું છું ત્યારે મને આત્મતૃપ્તિ મળે છે. આ સેવા કરવાનું કાર્ય ઈશ્વરે મને અને મારા સાથી નિયામક મંડળને સોંપ્યું છે, જે મારું સૌભાગ્ય છે."

તેમણે આગળ ઉમેર્યું કે જીવનમાં સાચો આનંદ ત્યારે જ મળે છે જયારે વ્યક્તિ બીજાના હિત માટે કાર્ય કરે. બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાના વિઝનનો ઉલ્લેખ કરતાં તેમણે ખાસ કરીને મહિલા પશુપાલકોને યાદ અપાવ્યું કે આ સંસ્થા એક વિધવા બહેનના જીવનમાં આશાનું કિરણ જગાડવાની પ્રેરણાથી ઊભી કરવામાં આવી હતી. આજે એ નાનું બીજ વિશાળ વટવૃક્ષ બનીને લાખો પરિવારોને સુખ, સમૃદ્ધિ અને રોજગારી પૂરી પાડે છે.

ચેરમેનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે બનાસ ડેરીની પ્રગતિ પાછળ લાખો મહિલા પશુપાલકોના આશીર્વાદ અને અવિરત મહેનત કાર્યરત છે. મહિલા સશક્તિકરણની આ કહાની સમગ્ર દેશમાં અનોખી પ્રેરણા આપી રહી છે.

બનાસ ડેરીએ પશુપાલન ક્ષેત્રને વધુ ફાયદાકારક બનાવવા અનેક આગવી પહેલો હાથ ધરી છે. ચેરમેનશ્રીએ જણાવ્યું કે માત્ર પશુધન વધારવાથી દૂધ ઉત્પાદન વધતું નથી, પરંતુ ઉત્તમ ઓલાદના પશુ પેદા કરવાથી જ ઉત્પાદન ક્ષમતા વધે છે. આ માટે ડેરીએ બ્રિડિંગ પ્રોજેક્ટ અને સીમેન પ્રોડક્શન કાર્યક્રમ શરૂ કર્યો છે.

આજે બનાસ ડેરી પાસે એવા કિંમતી પાડાં છે કે જેમને કરોડોમાં પણ વેચી શકાય નહીં. આ ઉત્તમ પાડામાંથી બનેલા સીમેન ડોઝ ખેડૂતોને સસ્તા દરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. દામા ખાતે સોર્ટેડ સીમેન ડોઝનું ઉત્પાદન શરૂ થતાં હવે ૯૦% વાછરડી જન્મે તેવી વૈજ્ઞાનિક વ્યવસ્થા ઊભી થઈ છે, જે પશુપાલકો માટે એક ક્રાંતિ સમાન છે. આ પગલું ભવિષ્યમાં દૂધ ઉત્પાદન ક્ષમતા બહુ ગણી વધારશે.

ચેરમેનશ્રીએ સભામાં પશુપાલકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાના મુદ્દે વાત કરતાં જણાવ્યું કે, ઘણી વાર "દૂધમાં ફેટ બરાબર મળતો નથી" તેવી ફરિયાદો આવતી હતી. આને ધ્યાનમાં રાખીને બનાસ ડેરીએ FAT & SNF આધારિત દૂધ ખરીદ પદ્ધતિ શરૂ કરી છે. આથી હવે પશુપાલકોને તેમના દૂધની ગુણવત્તા મુજબ યોગ્ય ભાવ મળે છે. આ સાથે મંડળીના નફામાં પણ વધારો થયો છે. વધુમાં, પારદર્શિતાનો ઉત્તમ દાખલો પૂરું પાડતાં આજે ૧.૭૦ લાખથી વધુ મહિલા પશુપાલકોને સીધી બેંક ટ્રાન્સફર દ્વારા ચુકવણી કરવામાં આવે છે. આ પગલાંથી મહિલાઓના આર્થિક સશક્તિકરણને નવી ઊંચાઈ મળી છે.

ચેરમેનશ્રીએ પોતાના સંબોધનમાં એ વાત પર ભાર મૂક્યો કે બનાસ ડેરી માત્ર દૂધ સંઘ નથી પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્યરત એક પરિવાર છે. શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, રોજગારી સર્જન અને મહિલા સશક્તિકરણ જેવા અનેક ક્ષેત્રોમાં ડેરીએ મહત્વપૂર્ણ કામગીરી કરી છે.

બાયો-સીએનજી પ્રોજેક્ટથી લઈને સીડબોલ દ્વારા હરિયાળી અભિયાન સુધી, બનાસ ડેરી સતત ગામડાંઓમાં પ્રગતિ અને પર્યાવરણ સંતુલન માટે યોગદાન આપી રહી છે. આથી બનાસ ડેરીનું નામ આજે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં એક આગવું સ્થાન ધરાવે છે.

સભાના અંતમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોનો દિલથી આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે બનાસ ડેરીની આ સુવર્ણ પ્રગતિ પશુપાલકોની મહેનત, સમર્પણ અને અડગ વિશ્વાસથી શક્ય બની છે. તેમણે ભવિષ્ય માટે વચન આપ્યું કે બનાસ ડેરીને વધુ ઊંચાઈએ લઈ જવા, નવા પ્રોજેક્ટો શરૂ કરવા અને પશુપાલકોના હિત માટે અવિરત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા યથાવત રહેશે.

આ રીતે ૫૭મી વાર્ષિક સાધારણ સભા બનાસ ડેરીના ઈતિહાસમાં એક સ્મરણિય અધ્યાય બની રહી. પશુપાલકોના ચહેરા પર ઝળહળતો આનંદ, ડેરીના પારદર્શક નિર્ણયો અને નેતૃત્વની દ્રષ્ટિ — આ ત્રણે મળીને બનાસ ડેરીને સાચા અર્થમાં એશિયાની સૌથી મોટી અને સૌથી મજબૂત સહકારી સંસ્થા બનાવે છે.

બનાસ ડેરીએ સર કરેલ સિદ્ધિઓમાં સહયોગ કરવા બદલ ચેરમેનશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત NDDB, GCMMF, જિલ્લા વહીવટ તંત્ર, સહકારી આગેવાનો તથા બનાસ ડેરીના અધિકારીઓ-કર્મચારીઓનો આભાર માન્યો હતો અને સર્વેના માર્ગદર્શન અને સહકારથી જ આ સફળતા શક્ય બની છે, એમ જણાવ્યું હતું. આ પ્રસંગે બનાસ ડેરીના નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ, પશુપાલકો, ખેડૂતો, સહકારી આગેવાનો, અધિકારીઓ અને સંઘના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.







## ૨૯૦૯.૦૮ કરોડ રૂપિયાનો ભાવફેર આપવાની જાહેરાત સાથે પશુપાલકોના ઘરે સર્જાયો દિવાળીનો માહોલ

બાદરપુરા ફૂડ કોમ્પ્લેક્સ ખાતે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ ડેરીની ૫૭ મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને રૂ. ૨૯૦૯.૮ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. પશુપાલકોએ આ ભાવફેરનાં નિર્ણયને વધાવી લીધો હતો. જ્યારથી શ્રી શંકરભાઈ બનાસ ડેરીનાં ચેરમેન બન્યા છે ત્યારથી દરવર્ષે પશુપાલકોનાં હિતલક્ષી ભાવફેર આપવામાં આવે છે.

ચેરમેન શ્રી શંકરભાઈએ પશુપાલકોના કલ્યાણ, સર્વાંગી સુખાકારી અને વિકાસ માટે વર્ષ ૨૦૧૮-૧૯ ની ૫૧મી વાર્ષિક સાધારણ સભામાં ૬૬૭.૬૧ કરોડ રૂપિયા ભાવફેર રૂપે જાહેર કર્યા હતા. વર્ષ ૨૦૧૯-૨૦ મા છેલ્લા ભાવફેરની અંદર બે ગણો વધારો કરી ૧૧૪૪ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ મા ૧૧૩૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માં વર્ષના ભાવફેરમાં વધારો કરીને ૧૬૫૦ કરોડ રૂપિયા ભાવફેર તરીકે જાહેર કરાયો હતો. વર્ષ ૨૦૨૨-૨૩ મા બનાસ ડેરીનાં ઈતિહાસમાં ક્યારેય પણ જાહેર ના કરાયો હોય એવો ૧૯૫૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરાયો હતો. ભાવફેર વધારાના સીલસીલો ચાલુ રાખતા છેલ્લા વર્ષે ૨૦૨૩-૨૪ માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ભાવફેર જાહેર કરીને પશુપાલકોનાં હિતને પ્રાથમિકતા આપી છે અને આ વર્ષે પણ રૂ. ૨૯૦૯.૮ કરોડ રૂપિયાનો ભાવફેર આપીને પશુપાલકોના પુરુષાર્થ, પરિશ્રમ અને પ્રયાસોને બિરદાવ્યા હતા.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સદ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે. જ્યારથી શ્રી શંકરભાઈએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ભાવ વધારો, ભાવફેર અને સતત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતના મીઠા ફળ આપી રહ્યાં છે.

> “ **પશુપાલકોના હિતમાં બનાસ ડેરીએ સહકારથી સમૃદ્ધિનાં સંકલ્પને સાકાર કરતો આપ્યો ભાવફેર** ”



# સિદ્ધિ, સમૃદ્ધિ અને સફળતાભર્યા ૨૦૨૪-૨૫ વર્ષ માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસવાસીઓનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો








વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ વર્ષ બનાસ ડેરી માટે એક મજબૂત પાયો ગોઠવતું તથા સિદ્ધિઓથી ભરેલું સાબિત થયું છે. દૂધ ઉત્પાદકો, કર્મચારીઓ અને વિશ્વસનીય ગ્રાહકોના અદમ્ય સહયોગથી બનાસ ડેરીએ કાર્યક્ષમતા અને શ્રેષ્ઠતાના નવા શિખરો સર કર્યા છે. તેમણે ઉમેર્યું કે આ અહેવાલમાં સામૂહિક પ્રગતિ, સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ પ્રતિબિંબિત થાય છે. બનાસ ડેરી હંમેશા "બનાસ આપણું માવતર, સૌના સુખનું વાવેતર" ના હેતુને સાકાર કરવા પ્રતિબદ્ધ રહેશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સહૃદયી પશુપાલક ભાઈઓ-બહેનો તથા તમામ હિતધારકોને હૃદયપૂર્વક નમન કરતાં જણાવ્યું કે પશુપાલકો દિન-રાતની મહેનતથી દૂધ ઉત્પાદન કરી શ્વેતક્રાંતિના સશક્ત યોદ્ધા તરીકે સેવા આપી રહ્યા છે. તેમના પરિશ્રમ અને પ્રમાણિકતા બનાસ ડેરીની સૌથી મોટી તાકાત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પશુપાલકોના કારણે ગામડાંમાં દરેક સવાર આશા, આત્મનિર્ભરતા અને નવી દિશા સાથે ઊગે છે.



તેમણે વધુમાં ઉમેર્યું કે ડેરી સુધીની આ યાત્રા હવે માત્ર દૂધ પહોંચાડવાની પ્રક્રિયા નથી રહી, પરંતુ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવીને સમૃદ્ધિ તરફ દોરી જતી મહત્વપૂર્ણ યાત્રા બની ગઈ છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકાસના વિઝનથી પ્રેરાઈને બનાસ ડેરીએ છેલ્લા દાયકામાં વિકાસની ગતિ ઝડપી બનાવી હોવાનું જણાવ્યું. બનાસ ડેરી આજે ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં સામાજિક, આર્થિક અને સહકારી સંસ્થાઓ માટે આદર્શ બની છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે દૂધ ઉત્પાદન ઉપરાંત બિન-દૂધ ક્ષેત્રો, પર્યાવરણ સુરક્ષા, માળખાગત સુવિધાઓ, આરોગ્ય સેવાઓ, ગ્રામીણ આજીવિકા અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં બનાસ ડેરીએ અભૂતપૂર્વ પ્રગતિ હાંસલ કરી છે. ખાસ કરીને મહિલા પશુપાલકો દૂધ ઉત્પાદન અને સશક્તિકરણમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. તેમણે જણાવ્યું કે મહિલા પશુપાલકો દ્વારા સર્વાધિક ૧ કરોડ કિ.ગ્રા.થી વધુ દૂધ ભરાવવામાં આવ્યું છે, જેના પરિણામે દરરોજ ૪૦ કરોડ રૂપિયાથી વધુ ચૂકવણી થાય છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરેરાશ ૮૩.૨૩ લાખ કિ.ગ્રા. દૂધ એકત્રિત કરવામાં આવ્યું, જે મહેનતુ પશુપાલકો અને પારદર્શક વહીવટના સમન્વયથી સંભવ બન્યું.

તેમણે મહિલાઓના સશક્તિકરણ માટે તાલીમ કેમ્પ, શિબિર, સહાય તથા આત્મનિર્ભરતા માટે માર્ગદર્શન પૂરું પાડવાની કામગીરી બનાસ ડેરી સતત કરી રહી છે તે બાબત પર ભાર મૂક્યો. પશુપાલનને નફાકારક બનાવવા માટે અદ્યતન ટેક્નોલોજી જેવી કે એમ્બ્રિયો ટ્રાન્સફર, સેક્સ શોર્ટેડ સીમેન, સીમેન સ્ટેશન, BBBRC અને TMR પ્લાન્ટ જેવા પ્રોજેક્ટો દ્વારા ક્રાંતિકારી બદલાવ લાવવામાં આવી રહ્યો છે, તેમ તેમણે જણાવ્યું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વેટનરી વિભાગના પ્રયત્નોથી પશુઓમાં રોગનું પ્રમાણ ઘટ્યું, દૂધની ગુણવત્તા સુધરી અને FAT-SNFના સ્તરમાં વધારો થયો હોવાનું જણાવ્યું. આધુનિક પશુસંવર્ધન અભિયાનથી ઉચ્ચ ઉત્પાદન આપતી ઓલાદ વિકસાવવામાં સફળતા મળી છે.

બનાસ ડેરી અને અમૂલ બ્રાન્ડ પ્રત્યે ગ્રાહકોના વિશ્વાસ અંગે શંકરભાઈએ જણાવ્યું કે આ વિશ્વાસ જ આપણી સૌથી મોટી મૂડી છે. ઘી, માખણ, ચીઝ, પનીર, દહીં, છાશ, આઇસક્રીમ, બટાકા પ્રોડક્ટ્સ વગેરેની માંગ દેશ-વિદેશમાં વધી રહી છે અને બનાસ ડેરી હવે ૪૦થી વધુ દેશોમાં નિકાસ કરી રહી છે. તેમણે જણાવ્યું કે ગુજરાત બહારના રાજ્યોમાં વ્યાપ વધારવાથી ત્યાંના પશુપાલકોને લાભ મળે છે અને જિલ્લાનાં પશુપાલકોની આવક પણ વધે છે.

તેમણે ડિજિટલ વ્યવસ્થાપન અંગે જણાવ્યું કે બનાસ ડેરી SMS અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા પશુપાલકોને દૂધ અને પેમેન્ટની માહિતી પૂરી પાડે છે તથા આરોગ્ય સેવાઓ માટે વિઝિટ નોંધાવવાની સુવિધા ઉપલબ્ધ છે. તમામ પેમેન્ટ વ્યવહારો પારદર્શક રીતે ડિજિટલ માધ્યમથી કરવામાં આવે છે.
ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં ઉમેર્યું કે આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા બનાસ ડેરીએ અનેક નવીન પ્રોજેક્ટો હાથ ધર્યા છે. તેમાં બનાસ આટા પ્લાન્ટ, 'ટ્રક ઓન ટ્રેન' સુવિધા, વ્હે પ્રોટીન પ્લાન્ટ, પાલનપુર પનીર પ્લાન્ટ, બનાસ કાશી સંકુલ મીઠાઈ પ્લાન્ટ, બલ્ક કોલ્ડ સ્ટોરેજ, ઓટોમેટિક માવા પ્લાન્ટ, વારાણસી સંકુલમાં મહાપ્રસાદ ઉત્પાદન, ગૌમૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ અને ઓઈલ પ્લાન્ટ જેવા પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે મધ ઉત્પાદન, બટાકા પ્રોજેક્ટ અને ઉમંગ મોલ જેવી પહેલો પશુપાલકો અને ખેડૂતોની આવકમાં વધારો કરે છે. બનાસ ડેરી હવે માત્ર દૂધ ઉત્પાદન પૂરતી સીમિત નથી રહી, પરંતુ ગ્રામ વિકાસ, આર્થિક સુખાકારી અને દેશની પ્રગતિનું પાયાનું કેન્દ્ર બની છે.

પર્યાવરણ સંરક્ષણ બાબતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે થરાદ ખાતે દેશની પ્રથમ 'બનાસ સોઈલ લાઈફ ટેસ્ટિંગ લેબ' શરૂ થઈ છે. કૃષિ સંજીવની ખાતર, ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા, વૃક્ષારોપણ અભિયાન, ૩૧૮ તળાવોના નવનિર્માણ, સીડબોલ અભિયાન, ૭ કરોડથી વધુ વૃક્ષારોપણ, 'સેવ સોઈલ' તથા 'ગોબરધન અભિયાન' જેવી પહેલો દ્વારા પર્યાવરણ સંરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન અપાયું છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીની સામાજિક પ્રતિબદ્ધતા પર ભાર મૂકતાં જણાવ્યું કે “જનસેવા એ જ પ્રભુસેવા” ના મંત્ર સાથે બનાસ ડેરી સમાજ સેવાના અનેક કાર્યોમાં સક્રિય છે. સહકારિતાના મહત્વ પર જાગૃતિ લાવવા સણાદર ખાતે તાલીમ કેન્દ્ર અને યુવાનોને UPSC-GPSC પરીક્ષા માટે માર્ગદર્શન આપવા ગાંધીનગરમાં તાલીમ વર્ગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૪-૨૫ની સિદ્ધિઓ અંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ સફળતા કોઈ એક વ્યક્તિની નહીં પરંતુ તમામ પશુપાલકોના સહયોગ, શ્રમ અને શ્રદ્ધાનું પરિણામ છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, NDDB, GCMMF, જિલ્લા વહીવટ તંત્ર, સહકારી આગેવાનો, નિયામક મંડળના સભ્યો તથા તમામ કર્મચારીઓ પ્રત્યે હૃદયથી આભાર વ્યક્ત કર્યો.

અંતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બનાસ ડેરી લાખો પશુપાલક પરિવારો માટે જીવાદોરી સમાન છે અને તેનો સતત વિકાસ, નવી સિદ્ધિઓ તથા ગૌરવમય વારસો જાળવવાની સહિયારી જવાબદારી સૌની છે. તેમણે સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કરતાં જણાવ્યું કે દૂધના ટીંપે ટીંપે વિકાસ, આરોગ્ય અને સમૃદ્ધિનું ભવિષ્ય રચાશે અને સૌના સુખનું સ્વપ્ન પૂરું થશે.





"આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દુનિયાના જગત જમાદાર સામે ઝૂક્યા વગર ભારતના ખેડૂતો અને પશુપાલકોના હિતમાં હિંમતપૂર્વકનો નિર્ણય કર્યો તે બદલ બનાસ ડેરી અને બનાસકાંઠાના લાખો પશુપાલકો તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. ભારત આત્મનિર્ભર બનશે, કોઈની સામે ઝૂકશે નહીં."

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



# સક્ષમ અને સફળ નેતૃત્વ તેમજ પશુપાલક પરિવારોના સાથ સહકાર થકી વર્ષ ૨૦૨૪-૨૫ માં થયેલ નોંધપાત્ર પ્રગતિ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ" ના સંકલ્પને ચરિતાર્થ કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે પોતાની વ્યવસ્થા, વહીવટ અને વિકાસ કાર્યોમાં પારદર્શિતા લાવી છે. આજે બનાસ ડેરીના દૂધ સંપાદન, પશુ સારવાર સેવા, આર્થિક સહાય, દૂધ પ્રોસેસિંગ, દૂધની વિવિધ બનાવટોના ઉત્પાદન અને નાણાંકીય વહીવટ જેવી અનેક બાબતોમાં પશુપાલકોનો વિશ્વાસ દ્રઢ બન્યો છે.



પારદર્શક વહીવટ



નારી થકી શ્વેતક્રાંતિ
દૈનિક ૮૩.૨૩ લાખ કિ.ગ્રા. દૂધનું સંપાદન

બનાસ ડેરી સાથે જોડાયેલ નારીશક્તિના પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થના કારણે દૈનિક ૮૩.૨૩ લાખ કિ.ગ્રા દૂધનું સંપાદન થયું, જેના લીધે પશુપાલકોના જીવનધોરણમાં સકારાત્મક અભિગમ, બાળકોને યોગ્ય શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો થયો છે. શ્વેતક્રાંતિના સર્જનની આ યાત્રા માત્ર દૂધ પુરતી જ નથી - તે સહકારની શક્તિ, સમૃદ્ધિ અને આત્મનિર્ભરતાનું પ્રતિક છે. આ મહિલાઓએ સાબિત કર્યું છે કે દ્રઢ નિશ્ચય અને સખત મહેનતથી કોઈ પણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. તેઓ માત્ર ડેરી ઉદ્યોગને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને પ્રેરણા આપી રહ્યા છે. ખરેખર, આ એક એવી ગાથા છે જે નારીશક્તિના અદમ્ય ભાવ અને સમુદાય નિર્માણની શક્તિને ઉજાગર કરે છે. આ અસરકારક દ્રશ્યમાં આત્મનિર્ભર ભારતની ઝલક દેખાય છે.

ટેક્નોલોજીનાં માધ્યમથી પશુસંવર્ધનને વેગ આપવાના ઉદેશ્ય સાથે સહકારી ક્ષેત્રને સશકત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા NDDB ના સહયોગથી બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે રૂ.૨૩૩.૮૯ કરોડના ખર્ચે નિર્માણાધીન બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) ની માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં શુભહસ્તે પૂજાવિધિ કરવામાં આવી. BBBRC પશુ સંવર્ધન અને સંશોધન માટે રાષ્ટ્રીય સ્તરનું શ્રેષ્ઠ કેન્દ્ર બનશે. સદર કેન્દ્રમાં ગાય અને ભેંસ વર્ગની સ્વદેશી દુધાળી જાતિઓ જેવી કે-કાંકરેજ, ગીર, સાહિવાલ, થારપારકર, રાઠી, રેડ સિંધી, મુર્રાહ, મહેસાણી, જાફરાબાદી અને બન્ની વગેરેના સંરક્ષણ અને જનીનિક અપગ્રેડેશન માટે પ્રયત્ન અને સંશોધન કરવામાં આવશે. ઉપર દર્શાવેલ ગાય/ભેંસની વિવિધ જાતિઓની ઉચ્ચ કક્ષાની માતાઓનો ડોનર તરીકે ઉપયોગ કરીને પ્રથમ વર્ષે વાર્ષિક ૪ હજાર અને ભવિષ્યમાં વાર્ષિક ૧૦ હજાર ભ્રુણ ઉત્પન્ન કરવાનો લક્ષ્ય છે. આગામી પેઢીના ઉચ્ચ દૂધ ઉત્પાદકતા ધરાવતા પશુઓની સંખ્યામાં વધારો કરવા અંગેની હરણફાળ ભરવાના ઉદેશ્ય માટે ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન માટેની આ વિશ્વ કક્ષાની સુવિધા ઊભી કરવામાં આવી રહી છે.



પશુસંવર્ધન માટે નેશનલ સેન્ટર ફોર એક્સેલન્સ
બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC)

માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માન. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ભારતમાં નિર્મિત સિમેન સેક્સ સોર્ટિંગ મશીનનો દામા ખાતેના સિમેન પ્રોડક્શન યુનિટમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો. આ સિમેન સેક્સ સોર્ટીંગ મશીન દ્વારા દર વર્ષે ૧ લાખ સેક્સ-સોર્ટેડ ડોઝ તૈયાર કરવામાં આવશે, જેથી હાલમાં જન્મ લેતા સામાન્યત ૫૦% નર પશુ પાછળ ખોરાક માટેના ખર્ચમાં બચત થશે. તેમજ સેક્સ સોર્ટેડ સિમેન ડોઝથી દૂધ ઉત્પાદકોના ઘરે ૮૭% માદા બચ્ચા પેદા થવાથી ભવિષ્યમાં તેઓ દૂધનું બમણું ઉત્પાદન કરતા થશે, જેથી દૂધ ઉત્પાદકોની આવક પણ બમણી થશે. અત્યારસુધી, આપણે બહારથી સેક્સ સોર્ટેડ સિમેન ડોઝ લાવતા હતા, જે હવે સિમેન પ્રોડક્શન યુનિટ, દામાથી મળતા થશે.




સેક્સ સોર્ટેડ સિમેન ડોઝનું સ્વદેશી મશીન થકી શરૂ થયું ઉત્પાદન



પોષણક્ષમ પશુઆહાર માટે બનાસ ડેરીની વિજ્ઞાન આધારિત એક નવી પહેલ ટોટલ મિક્સ રાશન (TMR) પ્લાન્ટ

પશુપાલનનામાં પશુ ખોરાકનો અંદાજીત ખર્ચ ૭૦% જેટલો હોવા છતાં પશુઓને પૂરતું પોષણ પ્રાપ્ત નથી થતું. જેની દૂરોગામી અસર પશુના દૂધ ઉત્પાદન અને પ્રજનન ક્ષમતા ઉપર પડે છે. બનાસ ડેરીએ પશુ ખોરાકના ખૂબ જટિલ અને અતિ મહત્વના મુદ્દાને પ્રાથમિકતા આપીને વિજ્ઞાન આધારિત, પ્રમાણિત અને સર્વસ્વીકૃત ટોટલ મિક્સ રાશન (TMR) ખોરાકની પદ્ધતિના અમલીકરણ હેતુ, દાંતા શીતકેન્દ્ર ખાતે દૈનિક ૫૦ મેટ્રિક ટન ક્ષમતા વાળો પ્લાન્ટ કાર્યાન્વિત કરેલ છે. જે હાલમાં દૈનિક ૨૫ મેટ્રિક ટન TMR નું પ્રોડક્શન કરે છે. દૈનિક ૨૦ લીટર કે તેનાથી વધુ દૂધ આપતા પશુઓ માટે પ્રોડક્શન પરપઝ TMR અને નાના ઉછરતા બચ્ચાઓ, વિકાસ પામતા વાછરડાઓ તેમજ બાખડા અને ગાભણ પશુઓ માટે મેન્ટેનન્સ પરપઝ TMR બનાવીએ છીએ અને વેચાણ કરીએ છીએ. થોડાક પ્રગતિશીલ ખેડૂતોને ત્યાં પ્રાયોગિક ધોરણે TMR વપરાશ કરતા ખેડૂતોનો ખૂબ ઉત્સાહ વર્ધક પ્રતિસાદ આવેલ છે, જેમાં દૂધ ઉત્પાદનમાં ૧ થી ૧.૫% લીટરનો વધારો, FAT માં ૧% નો વધારો તેમજ SNF માં ૦.૫% થી વધુનો વધારો જોવા મળેલ છે. TMR કોઈ નવીન ખોરાક નથી પરતું તે ખોરાકની એક પદ્ધતિ છે. જેમાં લીલો-ચારો, સુકો-ચારો અને ઉચ્ચ ગુણવત્તા વાળા દાણને નિયત માત્રામાં મિક્સ કરી પશુના શરીરના વજન અને દૂધ ઉત્પાદનની ગણતરી કરી તેટલી માત્રામાં મુકવામાં આવે છે.

"બનાસ ડેરી સંકુલ", સણાદર ખાતે ૨૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો માવા પ્લાન્ટ કાર્યરત છે, જે વિશ્વનો સૌથી વિશાળ અને સતત કાર્યરત માવા ઉત્પાદન પ્લાન્ટ તરીકે જાણીતો છે. આ પ્લાન્ટની મીઠાઈ ઉદ્યોગમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે, અને તે દેશમાં માવા-આધારિત મીઠાઈઓના ઉત્કૃષ્ટ ઉત્પાદનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ માવા પ્લાન્ટમાં પરંપરાગત પદ્ધતિઓ અને આધુનિક ટેક્નોલોજીનો સુમેળ બેસાડવામાં આવ્યો છે. પરંપરાગત પદ્ધતિઓ માવાના મૂળ સ્વાદ અને ગુણવત્તા જાળવી રાખવામાં મદદ કરે છે, જ્યારે આધુનિક યંત્રો અને સતત ચાલતી પ્રોસેસે વધુ પ્રમાણમાં માવાનું ઉત્પાદન કરવાનું સરળ બનાવે છે.



બનાસ ડેરીએ કાર્યાન્વિત કર્યો દેશનો સૌથી વિશાળ ઓટોમેટિક દૂધના માવાનો પ્લાન્ટ (ખોઆ પ્લાન્ટ)



**બનાસ ડેરીએ કાર્યાન્વિત કર્યો**
**એશિયાનો સૌપ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ**

બનાસ ડેરીએ પાલનપુર ખાતે પોતાના અન્ય આધુનિક પ્લાન્ટોની જેમ સંપૂર્ણ ઓટોમેટિક (સ્વસંચાલિત) ૨૦ મેટ્રિક ટન પનીર ઉત્પાદન પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે. આ પ્લાન્ટમાં મોટા ભાગના સાધનો ભારતના છે, તેથી આપણે ગર્વથી કહી શકીએ કે પનીર પ્લાન્ટ 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત બનાવવામાં આવ્યો છે. બનાસ ડેરી માટે, તે માત્ર સંપૂર્ણ ઓટોમેટિક પનીર ઉત્પાદન લાઇનનો પ્રોજેક્ટ નથી, પરંતુ તે મેન્યુઅલ પનીર ઉત્પાદન પ્રક્રિયામાંથી સંપૂર્ણ ઓટોમેટિક પનીર ઉત્પાદન પ્રક્રિયા તરફ પ્રયાણ કરવાની યાત્રા છે. જે ભારતીય ડેરી ઉદ્યોગની પ્રશંસનીય સિદ્ધિ છે.

બાદરપુરા ખાતે રાયડા અને મગફળી માટે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ બનાસ ઓઈલ પ્લાન્ટ કાર્યન્વિત કરીને બનાસ ડેરીએ તેલીબિયાં ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પ્લાન્ટનાં કારણે બનાસકાંઠા જિલ્લામાં તેલીબિયાં પાકની ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહન મળ્યું છે. પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન રાયડા અને મગફળીનું પીલાણ કરવાની ક્ષમતા છે. આમ, બનાસ ડેરી રાયડા અને મગફળી તેલના ઉત્પાદન અને વિતરણમાં આગવું સ્થાન મેળવશે અને જેના પરિણામે તેલીબિયાં ઉત્પાદકોને પણ ફાયદો થશે. આ ઉપરાંત, તેલીબિયાંના ઉત્પાદનોમાં વેલ્યુએડિશન (મૂલ્યવર્ધન) થવાથી ખેડૂતોને વધુ નફો થશે, અને આ ઉદ્યોગ સ્થાનિક વિકાસમાં યોગદાન આપશે.



**બાદરપુરા ખાતે સહકારી ધોરણે ૧૦૦ મેટ્રિક ટનનો**
**ઓઈલ પ્લાન્ટ કાર્યાન્વિત**



**કાશી વિશ્વનાથના 'મહાપ્રસાદ' તંદૂલ લાડુનું**
**બનાસ વારાણસી સંકુલમાં ઉત્પાદન**

વારાણસી સ્થિત બનાસ ડેરીના પ્લાન્ટમાં કાશી વિશ્વનાથ મંદિર માટે પવિત્ર 'મહાપ્રસાદ' તંદૂલ લાડુનું ઉત્પાદન થાય છે. આ પ્રસાદ શુદ્ધતા, ગુણવત્તા અને આધ્યાત્મિકતા સાથે, FSSAI ધોરણો અનુસાર ૨૪x૭ CCTV હેઠળ તૈયાર થાય છે. તેમાં બિલીપત્ર, ચોખાનો લોટ, શુદ્ધ ઘી વગેરે સામેલ છે. સંકુલની દૈનિક ક્ષમતા ૨ ટન છે. ઓક્ટોબર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ૧.૬૮ લાખ કિલો લાડુનું વિતરણ થયું. કુંભ મેળામાં ૧૦૦ ટન અને શિવરાત્રીએ સ્વિગી મારફતે ૧૦ ટન પ્રસાદે ૫૦ હજાર પરિવારો સુધી પહોચાડ્યો. આ પ્રોજેક્ટ ભક્તોની શ્રદ્ધા સાથે સાથે ગ્રામિણ વિકાસ અને પરંપરાના ગૌરવને પણ આગળ વધારે છે.

ગૌ-મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ રાધનપુર ખાતે કાર્યાન્વિત બનાસ ડેરી દ્વાર રાધનપુર ખાતે ગૌ-મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યાન્વિત. આ પ્લાન્ટ દરરોજ ૧૦ હજાર લીટર ગૌ-મૂત્ર પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. આ પ્લાન્ટમાં ગૌ-મુત્રને પ્રોસેસ કરીને ખેતીને પ્રોત્સાહન આપવા માટે સોઇલ કંડીશનર – 'ગવ્ય પોષક' અને ગ્રોથ પ્રમોટર – 'કૃષિ શક્તિ'નું ઉત્પાદન કરવામાં આવશે. આ ગૌ-મૂત્ર પ્લાન્ટ બનાસકાંઠા જિલ્લા સહીત દેશની પરંપરાગત ખેતી અને આધુનિક ટેકનોલોજી સાથે કૃષિ વિકાસ વધુ મજબૂત કરશે. આ પ્લાન્ટ દ્વારા પશુપાલકો પાસેથી દેશી ગાયોના ગૌ-મૂત્રની ખરીદી ૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે કરવામાં આવે છે. જેના દ્વારા પશુપાલકોને આવકમાં વધારો થશે અને તેઓની આજીવિકા સુધરશે. દેશી ગાયોનું મહત્વ વધશે અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે.



**પશુપાલકોની આવક વધારવા માટે વેસ્ટથી બેસ્ટનું સર્જન**
**ગૌ-મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ રાધનપુર ખાતે કાર્યાન્વિત**



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરી દ્વારા દિલ્હી NCR માં ૦૫.૦૯.૨૦૨૪ ના બે અમૂલ મિલ્ક બૂથની શરૂઆત કરવામાં આવી છે, જેની સાથે આજે ૧૮ અમૂલ મિલ્ક બૂથનું નેટવર્ક ઉભું થયું છે. જેમાં અમૂલનાં વિવિધ પ્રોડક્ટ્સ વેચાણ માટે ઉપલબ્ધ છે. અમૂલ મિલ્ક બૂથ પર ૫૦૦ થી વધારે અલગ અલગ પ્રોડક્ટ્સનું વેચાણ થાય છે. આગામી સમયમાં ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં ૪૦ - ૫૦ અમૂલ મિલ્ક બૂથોનું દિલ્હી NCR ખાતે કાર્યરત થશે.




**દિલ્લી NCR ખાતે અમૂલ રીટેલ આઉટલેટની શરૂઆત**



**જળસંચય ક્રાંતિ અને જળ વ્યવસ્થાપન**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા શરૂ કરાયેલા "Catch the Rain" અભિયાનથી પ્રેરિત થઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૃઢ નેતૃત્વમાં "ખેતરનું પાણી ખેતરમાં" અને "ગામનું પાણી ગામમાં" સંકલ્પ સાથે બનાસ ડેરી અને રાજ્ય સરકારની સહભાગીતાથી વર્ષ ૨૦૨૧-૨૪ દરમિયાન બૃહદ બનાસકાંઠાના ૧૭ તાલુકાઓમાં કુલ ૩૧૮ તળાવોનું નવનિર્માણ, ઊંડા અને મોટા કરવામાં આવ્યા છે. આ તળાવો માત્ર પાણી માટેની વ્યવસ્થા નથી, પરંતુ એ ગામના કૃષિ, પશુપાલન અને પર્યાવરણ માટે આધારસ્તંભરૂપ છે.આજે આ અભિયાન થકી ભૂગર્ભજળનાં સ્તર ઊંચા આવ્યા અને પાણીની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. આમ વરસાદી પાણીના જળ વ્યવસ્થાપનના પરિણામે પાણીના વ્યયમાં ઘટાડો થયો છે તેમજ ગામો, માર્ગો, ખેતરો અને ખાબોચિયાંમાંથી વહેતું પાણી પણ તળાવોમાં સંચિત થઈ રહી રહ્યું છે. "બનાસ જળશક્તિ અભિયાન" હવે માત્ર જળ સંરક્ષણ પૂરતું જ નથી, પરંતુ ધરતીને જળથી સમૃદ્ધ બનાવવા સર્વે પ્રજાજનોને એકતાના તાંતણે બાંધવા માટેની એક મહત્વપૂર્ણ પહેલ બની ગયું છે.

બનાસકાંઠા જિલ્લાની ભાવિ પેઢીના ભવિષ્યને સુરક્ષિત બનાવવા અને બનાસકાંઠાની ધરતીના ધબકારને જીવંત કરવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી તેમજ ઈશા ફાઉન્ડેશને સાથે મળી થરાદ ખાતે દેશની પ્રથમ બનાસ સોઇલ લાઈફ ટેસ્ટ લેબોરેટરી-બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL)નું નિર્માણ કર્યું છે. સોઇલ લાઈફ ટેસ્ટ માટેની વૈશ્વિક સ્તરની આ આધુનિક લેબ ખેડૂતોને માટીની તંદુરસ્તી, પોષકતત્ત્વો, જમીનમાં ભેજનું સ્તર, ગુણવત્તા અને જમીનની નબળાઈઓને સુધારવાની રીતો વિશે માહિતગાર કરે છે અને માટીને પુનર્જીવિત કરવા તેમજ લાભદાયી બનાવવા મદદરૂપ બને છે. આજે બનાસ ડેરી 'લેબ ટુ લેન્ડ' ના સંકલ્પ સાથે સોઇલ લાઈફ ટેસ્ટ લેબોરેટરીના માધ્યમથી બનાસની માટીને જીવંત બનાવવામાં મોટી ભૂમિકા ભજવી રહી છે.



**સોઈલ લાઈફ ટેસ્ટિંગ લેબોરેટરીથી બૃહદ**
**બનાસકાંઠાની માટીના ધબકારા થયા જીવંત**



**બનાસ સુઝુકી બાયોગેસ પ્લાન્ટ હરિત ઊર્જાનો નવીન અવકાશ**

બનાસ ડેરી દ્વારા Suzuki R&D India અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) સાથે મળીને પર્યાવરણીય દ્રષ્ટિકોણને અનુકૂળ અને નવીન ઊર્જા સ્ત્રોત તરીકે બાયો-સીએનજી ઉત્પાદન માટે મહત્વકાંક્ષી ભાગીદારીની શરૂઆત કરવામાં આવી છે. આ સહયોગ અંતર્ગત પાંચ આધુનિક બાયો-સીએનજી પ્લાન્ટોની સ્થાપના બનાસકાંઠા જિલ્લામાં થવાની છે, જેમાંથી બે પ્લાન્ટ આગથળા (લાખણી) અને ભૂખલા (વડગામ) ખાતે નિર્માણના અંતિમ તબક્કામાં છે. આગથળા ખાતે ૧૮.33 વિઘા અને ભૂખલા ખાતે ૧૧.૪૦ વીઘા જમીન પર નિર્માણ પામી રહ્યા છે. દરેક પ્લાન્ટ દૈનિક ૧૦૦ મેટ્રિક ટન ગોબર (છાણ)નો ઉપયોગ કરી અંદાજે ૧.૮ ટન કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) અને ૨૪.૫ ટન ઉચ્ચ ગુણવત્તાવાળા ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન કરશે. આ ભાગીદારી હેઠળ ગોબરનું પ્રોસેસિંગ કરીને ઊર્જા અને ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવશે, જેનાથી પશુપાલકોને ગોબરનું મૂલ્ય મળશે અને તેમની આવકમાં વધારો થશે. સાથે જ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન મળશે અને પર્યાવરણના રક્ષણમાં યોગદાન મળશે. બનાસ ડેરીનો આ પ્રયાસ માત્ર ઊર્જા નિર્માણ પૂરતો સીમિત ન રહી, પરંતુ ગ્રામ્ય વિકાસ, સ્વચ્છતા અભિયાન અને હરિત ભવિષ્ય માટેનો મજબૂત આધાર બની ઊભો રહેશે.

બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કુદરતી સૌંદર્ય એવા પર્વતો પણ હરિયાળા બને તે અભિગમ સાથે સીડબોલ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે રીતે વર્ષ ૨૦૨૧ માં જેસોર અરાવલી રેન્જ અભિયાન, વર્ષ ૨૦૨૨ માં અંબાજી અરાવલી રેન્જ અભિયાન, વર્ષ ૨૦૨૩ માં અંબાજી અરાવલી રેન્જ અભિયાન અને ૨૦૨૪ માં કોટેશ્વર અંબાજી રેન્જ અભિયાન જેવા કાર્યક્રમોનું આયોજન કરીને પર્વતોને હરિયાળા બનાવવાના પ્રયાસ કરાયો હતો, એજ રીતે આ ચાલુ વર્ષ ૨૦૨૫ માં પણ અંબાજી ચુંદડી વાળા માતાજી ખાતે અંબાજીના પાવન સાનિધ્યમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'અરાવલી ગ્રીનવોલ'ના વિઝનને સાકાર કરવા, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની આગેવાની હેઠળ, ૩ જુલાઈના રોજ ગબ્બર, અંબાજી ખાતે ૧ કરોડથી વધુ સીડબોલ રોપણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે સતત ૧૫ દિવસ સુધી ચાલ્યું હતું. ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાને 'ગ્રીન બનાસકાંઠા' બનાવવાના ઉમદા અભિગમ સાથે સતત પાંચમાં વર્ષે પણ જિલ્લાના દરેક તાલુકામાંથી ટીમ બનાવીને સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું.



**પર્યાવરણ સંરક્ષણ માટે સીડબોલ અને વૃક્ષારોપણ અભિયાન**



**કેન્દ્રીય રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ લીધી બનાસ ડેરીના સણાદર પ્લાન્ટની મુલાકાત**

માનનીય કેન્દ્રીય રેલ અને ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ બનાસ ડેરીના સણાદર, દિયોદર પ્લાન્ટની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે આઇસ્ક્રીમ, માવા અને પોટેટો પ્રોડક્ટ મેકિંગ યુનિટનો વિગતવાર પરિચય લીધો અને બનાસ ડેરીના કાર્યક્ષેત્ર તથા પ્રગતિ અંગે માહિતગાર થયા હતા. આ મુલાકાત દરમિયાન રાજ્ય મંત્રીએ ડેરીની સુવિધાઓ અને સંચાલન પદ્ધતિઓનું નિરીક્ષણ કર્યું. તેમણે જણાવ્યું કે, બનાસ ડેરી માત્ર ગુજરાત જ નહીં, પણ સમગ્ર દેશ માટે સહકારી ક્ષેત્રમાં એક પ્રેરણાસ્ત્રોત બની છે. ડેરી દ્વારા ખેડૂત આર્થિક વિકાસ માટે અપનાવવામાં આવતા મોડલને તેમણે અન્ય વિસ્તારોમાં પણ અપનાવવાની ભલામણ કરી. આ અવસરે ડેરીના ઉપસ્થિત અધિકારીઓ અને ખેડૂતો સાથે મંત્રીએ સંવાદ કર્યો અને તેઓની સમસ્યાઓ અને સુજાઓને ધ્યાનપૂર્વક સાંભળી. બનાસ ડેરીના ટેકનિકલ અપગ્રેડેશન અને નવા પ્રોડક્ટ ડેવલપમેન્ટના પ્રયાસોને પણ મંત્રીએ બિરદાવ્યા હતા.



પાણીની સતત અછતવાળો દુષ્કાળગ્રસ્ત આજે ખેતીપ્રધાન અને પશુપાલન ઉપર નિર્ભર બૃહદ બનાસકાંઠામાં ભૂગર્ભજળ સતત નીચે જઇ રહ્યાં છે અને ઉત્તરોતર જીવનજરૂરિયાત તેમજ વ્યવસાય માટે પાણીની માંગ તીવ્ર ગતિથી વધતી જાય છે ત્યારે ઉભી થયેલી જળસંકટ પરિસ્થિતિને પહોંચી વળવા બનાસ ડેરી જનભાગીદારીથી "બનાસ જળશક્તિ અભિયાન" અંતર્ગત જિલ્લામાં ગામે ગામ "ખેતરનું પાણી ખેતરમાં" જળ સંચય કામગીરી માટે ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડીને તેમના જ ખેતરના છેડે શોષ કૂવાઓનું નિર્માણ કરવાનું શરૂ કર્યું છે. ચોમાસા પહેલા જળ સંચય માટે ખેડૂતોના નીચાણવાળા ભાગમાં, જ્યાં પાણી એકઠું થતું હોય તે જગ્યાએ ૪ x ૪ x ૬ ના શોષ કૂવાનું નિર્માણ અને ૪ ફૂટ સુધી ૮૦ એમ.એમની ક્રશ મેટલ ભરવા તેમજ ઉપરના બે ફૂટમાં ૪૦ એમ.એમ.ની મેટલ ભરવાનાં કુલ અંદાજીત ખર્ચ રૂ.૪૭૫૦ માં દૂધ ઉત્પાદકોને એક શોષ કૂવાના ખર્ચનાં ૫૦% સહાય પેટે રૂ.૨૩૭૫ લાભાર્થીઓના બેંક ખાતામાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ/બનાસ ડેરી દ્વારા સહયોગ આપવામાં આવે છે. આ અભિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ "Catch The Rain" અભિયાનથી પ્રેરિત થઈને વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવાનો એક પ્રયાસ છે. વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટે આ અભિયાન ખરા અર્થમાં સાર્થક નીવડ્યું છે અને અતિભારે વરસાદમાં ખેડૂતોના ખેતરના પાળાને નુકશાન થતું અટક્યું છે.



**બૃહદ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના ખેતરમાં વરસાદી પાણીના સંચય માટે શોષ કૂવાનું નિર્માણ**



**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન અને માનનીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના નેતૃત્વ હેઠળ, 'સહકારથી સમૃદ્ધિ'ના સ્વપ્નને સાકાર કરતી બનાસ ડેરી**

ઉત્તર પ્રદેશમાં આયોજિત એક કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોને સંબોધતા જણાવ્યું હતું કે બનાસ ડેરી માત્ર દૂધ એકત્ર કરતી સંસ્થા નથી – પરંતુ હજારો પરિવારના જીવનમાં આશા, આત્મવિશ્વાસ અને નવી શક્યતાઓનું સિંચન કરનારી સંસ્થા છે. ભારત છેલ્લાં એક દાયકામાં દૂધ ઉત્પાદનમાં આશરે ૬૫ ટકાના વધારા સાથે વૈશ્વિક સ્તરે સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ નોંધ્યું કે જ્યારે મહિલા પશુપાલકો પર વિશ્વાસ મૂકવામાં આવે છે, ત્યારે તેઓ માત્ર દૂધથી જ નહિ, પણ પોતાના પરિશ્રમ, પ્રતિબદ્ધતા અને આત્મવિશ્વાસથી ઈતિહાસ રચે છે. તાજેતરમાં આણંદ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના વરદ હસ્તે સહકારથી સમૃદ્ધિ અંતર્ગત વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આજના ઝડપી વિશ્વમાં આરોગ્યએ જીવનની સૌથી મોટી મૂડી છે. ત્યારે દરેક નાગરિકને સુલભ, સમયસર અને વિશ્વસનીય આરોગ્ય સેવા આપવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા સંચાલિત બનાસ જનરલ હોસ્પિટલ, પાલનપુરમાં આરોગ્ય સેવાના નવા યુગની શરૂઆત થઇ છે. આ હોસ્પિટલમાં નવનિર્મિત બ્લોક C, D અને F નું લોકાર્પણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તથા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રસંગે આધુનિક ઓપરેશન થિયેટર્સ તથા અદ્યતન CT સ્કેન મશીન જેવી સુવિધાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું – જે માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ નથી, પણ દર્દીઓની જરૂરિયાતોને સમજીને, સમયથી પૂર્વે પગલાં ભરવાની દ્રષ્ટિનું પ્રતિબિંબ છે. દર્દીની દવાખાનાથી માંડીને સ્પેશિયાલિસ્ટ સ્તરની સારવાર સુધીની સફર હવે પાલનપુર અને આસપાસના નાગરિકો માટે સરળ બની ગઈ છે.



**આરોગ્ય ક્ષેત્રમાં બનાસ ડેરી બની વધુ સુસજ્જ બનાસ જનરલ હોસ્પિટલના નવા બ્લોકનું નવનિર્માણ**



**ડેટા આધારિત સંસ્થા બનવાની દિશામાં બનાસ ડેરીનું મહત્વપૂર્ણ કદમ**

આજના સ્પર્ધાત્મક અને ડેટા-આધારિત યુગમાં, સંસ્થા તરીકે વધુ કાર્યક્ષમ, નવીન આયોજનો અને ડેટા આધારિત નિર્ણયો કરવાની દિશામાં બનાસ ડેરીએ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. દેશની અગ્રણી આંકડાશાસ્ત્ર સંસ્થા – ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટ, બેંગલુરુ – સાથે બનાસ ડેરીએ ભાગીદારી કરી છે. આ સહયોગ અંતર્ગત બનાસના અનેક અધિકારીઓને વર્લ્ડ ક્લાસ તાલીમ આપવામાં આવી રહી છે. Six Sigma, DMAIC (Define, Measure, Analyse, Improve, Control) અને ડેટા એનાલિટિક્સ જેવી વ્યાપક પદ્ધતિઓમાં તાલીમ આપીને, એક નવી બનાસ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે – જે સંસ્થાને નવી ઊંચાઈઓ તરફ દોરી જશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરીના પ્રથમ બેચના અધિકારીઓને Six Sigma Green Belt પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બનાસ ડેરીના વરિષ્ઠ મેનેજમેન્ટના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને સંસ્થાના મજબૂત ભવિષ્ય તરફના પગલાંને "વિઝનરી" ગણાવ્યા હતા.



**સંગઠન- ટીમ સ્પિરિટ અને એકતાને વધુ મજબુત કરવા બનાસ ડેરી દ્વારા બનાસ હારમની ટીમ બિલ્ડિંગ વર્કશોપનું કરાયું આયોજન**

બનાસ ડેરી એ માત્ર નીતિઓ અને વ્યવસ્થાઓથી નહિ, પરંતુ ટીમવર્કથી પ્રગતિની દિશામાં આગળ વધતી સંસ્થા છે. એટલા માટે બનાસ ડેરી દ્વારા ૭ થી ૯ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન "બનાસ હારમની" નામે વિશિષ્ટ ટીમ બિલ્ડિંગ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી એ સંસ્થાની આગળની યાત્રામાં એકતા, સહયોગ અને સંવાદની ભૂમિકાને વિશેષ રીતે રજૂ કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાના મૂલ્યોને આધાર બનાવી મજબૂત ટીમ વર્ક, ખુલ્લો સંવાદ અને પારસ્પરિક વિશ્વાસના માધ્યમથી સંગઠનને વધૂ એક જૂથ અને કાર્યક્ષમ બનાવવાનો રહ્યો.





## " મહિલા પશુપાલકોના મનની વાત..."



**માળી ચેતનાબેન દિનેશભાઈ - ગામ: લુણાવા, તાલુકો: થરાદ**

"નમસ્કાર અને જય બનાસ!" – એમ કહીને એક મહિલા પશુપાલક બહેને સૌપ્રથમ વંદન કર્યું અને ભાવવિહ્વળ સ્વરે જણાવ્યું કે આપણા સંસ્થાપક સ્વ. ગલબાકાકાએ જે પશુપાલનની હાંકલ શરૂ કરી હતી, તે આજે દૂધના દરિયામાં પરિવર્તિત થઈ ચૂકી છે. ગલબાકાકાએ લાખો મહિલાઓને પગભર બનાવવા જેવું સપનું જોયું હતું, તે આજે સાકાર થયું છે.

તેમણે ગર્વપૂર્વક કહ્યું કે "દૂધથી શક્તિ, સહકારથી સમૃદ્ધિ" એ બનાસ ડેરીનું સાચું મિશન છે. બનાસ ડેરી માત્ર દૂધ એકત્ર કરવાની સંસ્થા નથી, પણ આપણો આત્મવિશ્વાસ અને ઓળખ છે. ગુજરાતની મીઠી માટીમાંથી ઉગેલી આ સંસ્થા હવે ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડિશા, મધ્ય પ્રદેશ અને ઝારખંડમાં પણ પશુપાલનને નવી દિશા આપી રહી છે.

આગળ તેઓએ ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે બનાસ ડેરીએ દૂધ સાથે રોજગાર અને આર્થિક સ્વાવલંબનના દ્વાર ખોલ્યા છે. શાસ્ત્રનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે "યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે, તત્ર રમંતે દેવતાઃ" — અને બનાસ ડેરીએ આ શાસ્ત્રને માત્ર વાંચ્યું નથી, પરંતુ જીવી બતાવ્યું છે. હજારો મહિલાઓને તાલીમ આપી, ઘરમાંથી બહાર લાવી, પશુપાલન દ્વારા પરિવારોનું આર્થિક ચલણ તેજસ્વી બનાવ્યું છે.

તેમણે ઉમેર્યું: "શંકરભાઈનું શાસન નહીં પરંતુ સેવા છે. તેઓ દરેક દૂધના ટીપામાં મહિલાની મહેનત અને ખેડૂતનો ભરોસો જુએ છે. તેમના માટે ખેતી અને પશુપાલન માત્ર વ્યવસાય નહીં પણ જીવનમૂલ્ય છે."

આ મહિલા પશુપાલકે ગૌરવપૂર્વક કહ્યું કે બનાસ ડેરી હવે માત્ર દૂધ સંસ્થા નથી રહી, પરંતુ દરેક ખેડૂત પરિવાર માટે આશાનું જીવંત પ્રતિક છે.

બનાસ સૈનિક શાળાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે આ શાળા ગામડાંના બાળકો માટે ઊંચા ઉડાનનું આકાશ છે. સાથે જ શંકરભાઈના પ્રયત્નોથી સ્થાપિત મેડિકલ કોલેજનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ હાલ અભ્યાસમાં છે અને ૪૫૨ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ડોક્ટર બની ચૂક્યા છે — એ પણ ૫૦% ફી સહાય સાથે. આ નવા બનેલા ડોક્ટરો ખેડૂતોના ઘરમાંથી જ ઊગેલા છે, જે કદી શક્ય લાગતું ન હતું.

તેમણે ભાવપૂર્વક જણાવ્યું કે આ મેડિકલ કોલેજ દ્વારા પશુપાલકોને મફત સારવાર, એમઆરઆઈ, સીટી સ્કેન જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને મહિલાઓના આરોગ્ય માટે મોબાઇલ મેમોગ્રાફી વાન ગામગામ જઈ રહી છે, જ્યાં સંપૂર્ણ મહિલા ટીમ સ્ત્રી આરોગ્યની તપાસ કરે છે.

અંતમાં તેમણે કહ્યું કે "આ સમગ્ર પરિવર્તનની પાછળ શ્રી શંકરભાઈ તથા ડિરેક્ટર મંડળની દુરદ્રષ્ટિ અને અવિરત સેવા ભાવના જ છે. અમે પશુપાલક મહિલાઓ આજે ગર્વથી કહી શકીએ છીએ કે શંકરભાઈનું નેતૃત્વ બનાસકાંઠાની દરેક બહેન માટે આશાનું દીપક છે."



## રબારી લક્ષ્મીબેન જહાભાઈ - ગામ: નજુપુરા, તાલુકો: રાધનપુર

મહિલા પશુપાલક લક્ષ્મી બહેને ગર્વપૂર્વક કહ્યું હતું કે "આજે મને ગર્વ છે કે હું બનાસ ડેરીના આ મહાન પરિવારમાં એક ગૌભક્ત બહેન તરીકે ઉભી છું. બનાસ ડેરી હવે માત્ર દૂધ ભેગું કરનારી સંસ્થા નથી રહી, પરંતુ દરેક ઘરમાં આત્મવિશ્વાસ અને આશાનો દીપ પ્રગટાવતી લોકહિતમાં કાર્ય કરતી ડેરી બની ગઈ છે."

તેમણે વધુમાં જણાવ્યું કે ચેરમેન શ્રી શંકરભાઈના દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ પશુપાલન વ્યવસાયને ટેક્નોલોજીથી સજ્જ અને નફાકારક બનાવ્યો છે. મહિલા સશક્તિકરણથી લઈને વૈજ્ઞાનિક પશુપાલન સુધીની આ યાત્રા સમર્પણ અને સહકારના મજબૂત પગથિયાં પર આધારિત છે.

તેમણે ભાવપૂર્વક ઉમેર્યું કે આજે પશુપાલન હવે વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રગતિશીલ બન્યું છે. "ઓછા પશુ, વધુ દૂધ"ના સિદ્ધાંત હેઠળ ભીલડી ખાતે ૨૩૫ વિઘાની વિશાળ જમીન પર વિશ્વસ્તરીય લેબોરેટરી ઉભી કરાઈ છે, જ્યાં દર વર્ષે ૧૦,૦૦૦થી વધુ ગુણવત્તાયુક્ત એમ્બ્રિયો તૈયાર થશે. દામા ખાતેનું સેક્સ સોર્ટેડ સિમેન સ્ટેશન સમગ્ર ભારત માટે ઉપયોગી સાબિત થઈ રહ્યું છે, જ્યાં માત્ર રૂ. ૫૦માં ડોઝ ઉપલબ્ધ છે અને જેમાંથી ૯૦% વાછરડીઓ જન્મે છે.

જૂના સમયમાં જ્યાં ગાય-ભેંસો ૨–૩ લિટર દૂધ આપતી હતી, ત્યાં આજે બનાસ ડેરીના અથાક પ્રયાસોથી ૨૦–૨૫ લિટર દૂધ આપતી ગાય-ભેંસો જોવા મળે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે હવે એ દિવસ દૂર નથી જ્યારે સમગ્ર દેશમાં બનાસના પશુપાલકોની ગાય-ભેંસો ઓળખ બનશે.

તેમણે NDDBની "જીનોમ ચીપ" ટેક્નોલોજી, ક્લોનીંગ પદ્ધતિ અને દામા ખાતેના ઉચ્ચ ગુણવત્તા વાળા પાડા-આખલાની પસંદગી જેવા પ્રયોગોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે બનાસ ડેરીના કારણે જન્મથી જ ઉત્તમ પશુની ઓળખ શક્ય બની છે.
આગળ બોલતાં તેમણે જણાવ્યું કે આજે ૨૮૦થી વધુ પશુચિકિત્સકો, મોબાઇલ એપ્લિકેશન, તાત્કાલિક ૧૦૮ જેવી સેવા, માત્ર રૂ. ૧૨૦માં નિષ્ણાત સારવાર, નિઃશુલ્ક લેબ પરીક્ષણ અને દવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ છે. કાંકરેજ ધરોહર માટે નિઃશુલ્ક સેવા, રસીકરણ તથા શેડ સહાય, પશુ વીમા યોજના, વિધવા સહાય, મિલ્કિંગ મશીન જેવી અનેક યોજનાઓ મહિલાઓ અને પશુપાલકોના જીવનને સરળ અને વિશ્વાસભર્યું બનાવી રહી છે.

અંતમાં બહેને શ્રદ્ધાભરી વાણીમાં કહ્યું હતું કે "આજના સમયમાં સ્વાર્થ વગર કામ કરનાર કોઈ દુર્લભ હોય છે. પરંતુ આપણા શંકરભાઈ સતત આપણા જેવી બહેનોનું જીવન સુખમય બનાવવા પ્રયત્નશીલ રહે છે. તેઓ પોતાનાં માટે કશું નથી કરતા, ડેરીની ગાડીનો પણ ઉપયોગ નથી કરતા. આવી નિસ્વાર્થ સેવા કરનાર આપણા ભાઈને ભગવાન એટલી શક્તિ આપે કે તેઓ ક્યારેય થાક્યા વગર આપણા માટે મહેનત કરતા રહે અને એમના બધા સપના સાકાર થાય."







## ચૌધરી સુખીબેન મોટાભાઈ - ગામ: મોટા મેસરા, તાલુકો: થરાદ

મહિલા પશુપાલક ચૌધરી સુખીબેન મોટાભાઈએ ઉત્સાહપૂર્વક કહ્યું હતું કે "આજે હું આપણી સહકારી શક્તિ, આપણું ગૌરવ અને જીવનસાથી સમાન બનાસ ડેરી વિશે વાત કરવાનું ગૌરવ અનુભવું છું." તેમણે યાદ અપાવ્યું કે એક સમય હતો જ્યારે ફક્ત ૮ નાનકડા ગામડાઓના ખેડૂતોના સહકારથી નાની શરૂઆત થઈ હતી. ત્યારે કદાચ કોઈએ સપનામાં પણ વિચાર્યું ન હતું કે આ પરિવાર ૮ રાજ્યો સુધી પહોંચશે.

તેમના શબ્દોમાં બનાસ ડેરી માત્ર એક ડેરી નથી, એ તો ખેડૂત, પર્યાવરણ અને સમાજના સર્વાંગી સુખનું આંદોલન છે. આજે બનાસના પ્લાન્ટ્સ લખનઊ, વારાણસી, ફરીદાબાદ અને કાનપુર જેવા વિસ્તારોમાં સ્થિત છે, જ્યાંથી દૂધ અને તેના ઉત્પાદનો લાખો પરિવારો સુધી પહોંચે છે. દૂધના પાઉચ, દહીં, છાશ, પનીર, ઘી અને મીઠાઈઓ માત્ર ખોરાક નથી, પરંતુ વિશ્વાસ છે – ખેડૂતની મહેનત અને મહિલાની શ્રદ્ધાનો.

તેમણે ગર્વપૂર્વક જણાવ્યું કે બનાસ ડેરીના આ ઉત્પાદનો બજારોમાં પહોંચવા સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી આપે છે, નવી ટેક્નોલોજી વિકસાવે છે અને હજારો પરિવારોમાં સમૃદ્ધિ લાવે છે. સાથે જ ફ્રેંચ ફ્રાઇસ, ટિક્કી, મધ, ખાદ્ય તેલ અને આટ્ટા જેવા ઉત્પાદનો બનાવીને બનાસ એક સર્વગ્રાહી ખાદ્ય ઉદ્યોગ બની ગયું છે.

આગળ બોલતાં તેમણે ઉમેર્યું કે બનાસ ડેરી જાણે છે – ગુણવત્તાયુક્ત દૂધ માટે પશુનું સ્વાસ્થ્ય જરૂરી છે. એ માટે આધુનિક પશુઆહાર પ્લાન્ટ્સ ઉભા થયા છે, જે પશુઓને તંદુરસ્ત અને ઉત્પાદક રાખે છે. આ કારણે ખેડૂતની આવક વધે છે અને જીવનમાં સમૃદ્ધિ આવે છે.

તેમણે ખાસ બાયો-CNG પ્લાન્ટનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હવે પશુનું છાણ પણ આવકનો સ્ત્રોત બની ગયું છે. પશુમાંથી મળતા છાણથી ખેડૂતોને સીધી આવક થાય છે. સાથે જ ગૌમૂત્રના મૂલ્યવર્ધનથી પણ ખેડૂતોને નવી આવક મળી રહી છે.

અંતમાં બહેને ભાવુક અવાજે કહ્યું હતું કે "સગાભાઈ મથે છે, પણ એના કરતા વધારે મથે આપણા શંકરભાઈ અમારા જેવી બહેનો માટે. ભગવાન સારું કરનારનું હંમેશા સારું કરે છે."





એશિયાની સૌથી મોટી અને દેશના પશુપાલકોને સૌથી વધુ વળતર ચૂકવનારી બનાસડેરીની ૫૭મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં બનાસ ફૂડ કોમ્પ્લેક્સ બાદરપુરા ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ વિશાળ સભામાં બનાસડેરીની વર્ષ ૨૦૨૪-૨૫ની નોંધપાત્ર સિદ્ધિઓનું આલેખન કરવામાં આવ્યું. ખાસ કરીને, દૂધ ભરાવામાં અગ્રેસર રહેલી બનાસકાંઠાની ગ્રામ્ય મહિલા પશુપાલકોને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" પુરસ્કારથી સન્માનિત કરાતા, વાર્ષિક સાધારણ સભામાં ગૌરવ અને પ્રેરણાદાયક વાતાવરણનું સર્જન થયું હતું.

# બનાસડેરી : નારીશક્તિ અને શ્વેતક્રાંતિનું ગૌરવ

## સ્ત્રીશક્તિનું સશક્ત પ્રદર્શન

ઔદ્યોગિક વિકાસના મામલે એક સમયે ખૂબ પછાત ગણાતો બનાસકાંઠા જિલ્લો આજે દૂધ ઉત્પાદન ક્ષેત્રે દેશ-વિદેશ સમક્ષ ઉત્તમ ઉદાહરણ બની રહ્યો છે. ખેતી અને પશુપાલન આધારિત આ જિલ્લામાં મહિલાઓએ પુરુષોની સાથે ખભે ખભો મિલાવીને મહાન સફળતા હાંસલ કરી છે. અભણથી લઈને ઉચ્ચ અભ્યાસ કરેલી મહિલાઓએ માત્ર મહેનત, સમર્પણ અને સંકલ્પશક્તિ દ્વારા દૂધના ધંધામાં વિક્રમજનક કમાણી કરીને લાખોપતિ બનવાનું સપનું સાકાર કર્યું છે.



## આર્થિક આત્મનિર્ભરતાની અનોખી સફર

ગામડાની મહિલાઓ દ્વારા હાંસલ કરાયેલી આ સિદ્ધિ માત્ર આર્થિક લાભ સુધી સીમિત નથી, પરંતુ તે સ્ત્રીશક્તિના સશક્તિકરણ અને આત્મનિર્ભરતાનો જીવંત દાખલો છે. બનાસકાંઠાની મહિલાઓએ દૂધ ઉત્પાદન દ્વારા દર મહિને લાખો રૂપિયાની આવક મેળવીને બતાવ્યું છે કે મહેનત અને ધગશ સામે કોઈ મર્યાદા અવરોધ બની શકતી નથી.

આજે આ મહિલાઓ માત્ર પોતાના પરિવારનું ભરણપોષણ જ નહીં, પણ અન્ય લોકોને રોજગાર પૂરું પાડીને સમાજના વિકાસમાં યોગદાન આપી રહી છે. તેઓએ સાબિત કર્યું છે કે મોટી ડિગ્રી કે લાયકાત વિના પણ ઈમાનદારી અને પ્રયત્નથી અશક્ય લાગતું કામ શક્ય બની શકે છે.

આ વર્ષે બનાસડેરીએ ખાસ કરીને ટોપ ૧૦ મહિલા પશુપાલકોના નામ જાહેર કર્યા, જેઓએ કરોડોની આવક હાંસલ કરીને સમગ્ર સમાજ માટે પ્રેરણાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જિલ્લા કક્ષાએ સર્વાધિક કમાણી કરનાર મહિલાઓને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" પુરસ્કાર અપાયો, જ્યારે દરેક તાલુકાના ટોપ ત્રણ મહિલાઓને "બનાસ લક્ષ્મી" એવોર્ડથી નવાજવામાં આવી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તમામ વિજેતા મહિલાઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા.

### વર્ષ ૨૦૨૪-૨૫ માં કરોડો સુધીની કમાણી કરનાર બનાસડેરીની ટોપ ૧૦ મહિલા પશુપાલકો

| | |
|---|---|
| ૧ | નવલબેન દલસંગભાઈ ચૌધરી |
| ૨ | માનીબેન જેસુંગભાઈ ચૌધરી |
| ૩ | તસ્લીમબેન આસીફખાન ઝવેરી |
| ૪ | દરિયાબેન ત્રીકમાંજી રાજપૂત |
| ૫ | સાલેડ મૈસરા અમીન |
| ૬ | લીલાબેન મોઘજીભાઈ ચૌધરી |
| ૭ | કેશીબેન વાલાભાઈ વાગડા |
| ૮ | કુલસુમબેન મુબારક દાવડા |
| ૯ | મધુબેન સરદારભાઈ ચૌધરી |
| ૧૦ | ઉરસાનાબેન અમીન ચૌધરી |

## બનાસડેરીનું અવિસ્મરણીય યોગદાન

વિશ્વભરમાં ઘણી ડેરીઓ કાર્યરત છે, પરંતુ પોતાના પશુપાલકોને સૌથી વધુ દૂધના ભાવ અને નફાનો ભાગ આપતી સંસ્થા જો કોઈ હોય, તો તે બનાસડેરી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ, બનાસડેરીએ પશુપાલકો માટે વિશ્વાસ, સમૃદ્ધિ અને પ્રગતિનો મજબૂત આધાર ઉભો કર્યો છે. આજે બનાસકાંઠાની મહિલાઓએ પોતાના ઘરની ચાર દીવાલોથી બહાર આવીને દાતરડાના હાથા પર પરિવારને સમૃદ્ધિ આપવાનું કામ શરૂ કર્યું છે. આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાનું સપનું કે "જિલ્લાની મહિલાઓ દાતરડાના હાથા પર પરિવારનું ભરણપોષણ કરે" – આજે સંપૂર્ણ રીતે સાકાર થયું છે.

## કૃષિ અને પશુપાલનનું સંકલન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આજે ખેડૂતો કૃષિ સાથે પશુપાલન વ્યવસાયને પણ જીવનનો અભિન્ન ભાગ બનાવી રહ્યા છે. કૃષિમાં જો ક્યારેક નિષ્ફળતા મળે, તો પશુપાલન તેમના માટે જીવનધોરણ સંભાળવાનો સહારો બની રહ્યું છે. આ દ્વિ-આધારિત જીવનશૈલી બનાસકાંઠાના ગ્રામ્ય પરિવારોને આર્થિક રીતે મજબૂત અને સ્થિર બનાવી રહી છે.

## વૈશ્વિક સ્તરે ગૌરવ

વર્ષ ૨૦૨૪-૨૫માં ટોપ ૧૦ મહિલા પશુપાલકોએ કરોડો રૂપિયાની આવક હાંસલ કરીને "શ્વેતક્રાંતિ"ની ગાથાને વધુ ગૌરવભરી બનાવી દીધી છે. તેમની મહેનત અને હિંમત માત્ર બનાસકાંઠા કે ગુજરાત માટે જ નહીં, પરંતુ આખા ભારત અને વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત છે. બનાસડેરીએ સાબિત કર્યું છે કે સામૂહિક સંગઠનશક્તિ, પ્રામાણિક નેતૃત્વ અને અવિરત મહેનત દ્વારા સૌથી પછાત ગણાતો વિસ્તાર પણ વિશ્વનકશા પર ગૌરવપૂર્વક સ્થાન મેળવી શકે છે.

આજે બનાસડેરી માત્ર એક સહકારી ડેરી નથી, પરંતુ સ્ત્રીશક્તિ, આત્મનિર્ભરતા અને ગ્રામ્ય સમૃદ્ધિનું જીવંત પ્રતિક બની છે. બનાસકાંઠાની મહિલા પશુપાલકોના ચહેરા પરનો આત્મવિશ્વાસ, તેમના પરિવારોની આર્થિક સ્થિરતા અને સમાજમાં ઊભેલો ગૌરવભાવ – એ બધું બનાસડેરીની સફળતાની સાક્ષી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ, બનાસડેરીએ જે રસ્તો બતાવ્યો છે તે માત્ર બનાસકાંઠા માટે જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે એક મોડલ બની ગયો છે. આ યાત્રા સ્પષ્ટ સંદેશ આપે છે – જ્યાં શ્રમ, સમર્પણ અને સંકલ્પ હોય, ત્યાં સમૃદ્ધિ અને ગૌરવ નિશ્ચિત છે.





# પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થનાં પરિણામનાં આંકડા

**01**

**બનાસ ડેરીએ દૂધ સંપાદનમાં કર્યો વધારો (દૈનિક સરેરાશ)**
૨૦૧૫: ૨૯.૮૬ લાખ કિ.ગ્રા
૨૦૨૫: ૮૩.૨૩ લાખ કિ.ગ્રા

**02**

**દૈનિક સર્વાધિક દૂધ સંપાદન**
૨૦૨૫: ૧ કરોડ કિ. ગ્રા

**03**

**ટર્ન ઓવરમાં વધારો**
૨૦૧૫: ૫૪૪૨
૨૦૨૫: ૨૧,૨૯૫

**04**

**દુધના ભાવમાં વૃદ્ધિ**
૨૦૧૫: ૬૮૨
૨૦૨૫: ૧૦૦૭

**05**

**પશુપાલકોને દર મહિને દૂધ ખરીદ પેટે ચુકવાતી રકમ**
૨૦૧૫: ૩૮૧ કરોડ રૂપિયા
૨૦૨૫: ૧૩૦૬ કરોડ રૂપિયા

## વર્ષ દરમિયાન સિમેન પ્રોડક્શન



કાંકરેજ
**3,34,155**
મહેસાણી
**13,11,980**
HF ક્રોસ બ્રિડ
**9,25,495**

કુલ **25,71,630 ડોઝ**

## દૂધમાં વધારા માટે



વાર્ષિક **1** લાખ
**સોર્ટેડ સિમેન ડોઝ**
દામા ખાતે તૈયાર થશે





## દૂધની ગુણવત્તા માટે



**100% મંડળી પર FAT-SNF આધારિત દૂધ ખરીદ પદ્ધતિ**

પશુપાલકોને દૂધની ગુણવત્તા મુજબ ભાવ મળતા થયા તેમજ મંડળીને પણ નફામાં વધારો થયો

## પારદર્શક વહીવટ



**100% મંડળી પર ઓનલાઈન દૂધ ખરીદી**

ભરાવેલા દૂધના હિસાબની SMS દ્વારા તુરંત જાણ

## મહિલા શક્તિ-બનાસની શક્તિ



બનાસ ડેરીમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો

કેટલીક મંડળીઓ સંપૂર્ણ મહિલાઓ દ્વારા સંચાલિત

1.70 લાખ મહિલા પશુપાલકોને બેંક ખાતામાં સીધું ચુકવણું

## સુરક્ષિત પરિવહન અને ખર્ચમાં ઘટાડો



GPS + ડિજિટલ લોકિંગથી દૂધનું સલામત સંચાલન

પરિવહન ખર્ચ
36 પૈસા / લિટર (2021-22)
29 પૈસા / લિટર (2024-25)

વાર્ષિક ₹70 લાખથી વધુ બચત



# માતૃશક્તિના આશીર્વાદ

